सत्यमेव जयते

**મહે. ચોથા એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.દાહોદ**

## ફોજદારી કેસ નં.૩૨૭૮/૨૦૨૪ આંક–૧ તળે હુકમ :–

(૧) આરોપીઓ સામે હાલનુ ચાર્જશીટ ઈ.પી.કો.ક. ૨૭૯ હેઠળના ગુન્હાના સંબંધમાં કરવામાં આવેલ છે. જેનુ સંજ્ઞાન લઈ આરોપીઓને સમન્સ/વોરંટ કાઢવામાં આવેલ. પરંતુ કેસનું રેકર્ડ ધ્યાને લેતાં આરોપીને ઘણી વખતે સમન્સ/વોરંટ કાઢવા છતા તે મળી આવતો નથી તેમજ, પોલીસ એજન્સી આરોપીઓને શોધી લાવવામાં સદંતર નિષ્ફળ રહેલ છે. આમ, પોલીસ આરોપી નાઓને હાજર રખાવવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે તથા પોલીસે પ્રોસેસની બજવણી માટે કોઈ અસરકારક પગલા લીધેલ નથી. આમ, આરોપી નાઓ નજીકના સમયમાં મળી આવે તેવુ જણાતું નથી તે સંજોગો ધ્યાને લેતા કેસ પેન્ડીંગ રાખવાથી કોર્ટનો કિંમતી સમય તેમજ સરકારના પૈસાનો વ્યય થાય છે.

આમ, આરોપીઓ નાઓ સામેના ગુન્હાના પ્રકાર, થનાર સંભવિત સજાની જોગવાઈ ધ્યાને લેતાં તથા સદર કામ ઘણું જુનુ હોય તેમજ **નામદાર સુપ્રિમ કોર્ટના પી.આર. રાવ વિ. સ્ટેટ ઓફ કર્ણાટક જી.એલ. આર. ૨૦૦૨(૨) પાના નં.–૧૫૪૯** ઉપર ઠરાવેલ સિધ્ધાંતોમાં જણાવેલ ગાઈડ લાઈન ધ્યાને લેતા તેમજ પોલીસ ચલણનું તથા સમરી ટ્રાયલ ગુન્હો હોય અને કેસની આગળની કાર્યવાહી ચલાવવી ઉચિત જણાતી ન હોય, ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લઈ બી.એન.એસ.એસ ની કલમ ૨૮૧ નો ઉપયોગ કરવો ન્યાયોચિત જણાતુ હોય, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરુ છુ.

### ––:: આખરી હુકમ ::––

(૧) આ કેસનુ પ્રોસીડીગ બી.એન.એસ.એસ ની કલમ ૨૮૧ અન્વયે હાલની કાર્યવાહી સ્થગીત કરી સદરહું કેસમાંથી આરોપીઓને બીન તહોમત છોડી મુકવામાં આવે છે.

(૨) જો આરોપીના ઓ ભવિષ્યમાં મળી આવે તો તેની સામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ –૩૦૦(૫) મુજબની આ કોર્ટ ધ્વારા પરવાનગી અપાયેલ છે તેમ ગણી જે–તે તબકકેથી કેસ આગળ ચલાવવો.

(૩) આ ગુનાના કામે કોઈ મુદામાલ કબજે કરવામાં આવેલ મુદામાલનો નાશ કરવો તથા જો રોકડ કે કીમતી મુદામાલ હોય તો સરકાર ખાતે જમા કરાવવો.

(૪) આરોપી સામે કલમ ૭૨ મુજબનુ પકડ વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૩મી માહે : સપ્ટેમ્બર સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:–૧૩/૦૯/૨૫.
સ્થળ:–દાહોદ.

( ઘનશ્યામસિંહ ચંન્દ્રસિંહ વાઘેલા )
ચોથા એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ
દાહોદ
**CODE NO.GJ O1373**